ક્રમાંકઃ રાચઆ–ચટણ–સમક–નપા–પારડી–૦૮૨૦૧૭

રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭–૦૮–૨૦૧૭

પ્રતિ,
જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને
કલેક્ટરશ્રી, વલસાડ જિલ્લો,
મુ.વલસાડ

વિષય :– સને–૨૦૧૧ ની વસ્તી ગણતરી પ્રમાણે પારડી નગરપાલિકાની વોર્ડની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેનો પ્રથમિક આદેશ પ્રસિદ્ધ કરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગે આપના જિલ્લાની **પારડી** નગરપાલિકાના વોર્ડની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી અંગેના આયોગના **પ્રાથમિક** આદેશોની ૧૦ પ્રતો આ સાથે સામેલ છે. જે **તા.૨૯–૦૮–૨૦૧૭** ના રોજ આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા જાહેર સ્થળોએ તથા સંબંધિત નગરપાલિકાઓના દરેક જાહેર સ્થળોએ બહોળી પ્રસિદ્ધિ કરાવવા અને તે અંગેના અહેવાલ રાજ્ય ચૂંટણી આયોગને તુરત મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(મહેશ જોશી)
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :–
ચીફ ઓફિસરશ્રી, **પારડી** નગરપાલિકા, પારડી, જિ.વલસાડ
**પ્રાથમિક** આદેશની ૨૦ પ્રતો આ સાથે સામેલ છે જે આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર તથા દરેક વોર્ડમાં તથા જાહેર સ્થળોએ બહોળી પ્રસિદ્ધિ કરાવવા અને તેનો પ્રસિદ્ધિ અહેવાલ રાજ્ય ચૂંટણી આયોગને તુરત જ મોકલવા સૂચના સહ.

નકલ સવિનય રવાના :– (આદેશની નકલ સાથે જાણ સારૂ)
૧. અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
૪. નિયામકશ્રી, માહિતી ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
જરૂરી પ્રેસનોટ સાથે બહોળી પ્રસિદ્ધિ અપાય તેવી વ્યવસ્થા થવા વિનંતી સહ

૫. વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર તરફ.
આ આદેશ અસાધારણ સરકારી રાજયપત્ર ભાગ–૪(સી)માં તા.૨૨–૦૮–૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરવા અને તેનો ગેઝેટની ૨૦ પ્રતો રાજય ચૂંટણી આયોગના કાર્યાલયને મોકલવા તથા જિલ્લા મ્યુનિસિપલ અધિકારી અને કલેકટરશ્રી, **વલસાડ** તથા ચીફ ઓફિસરશ્રી, **પારડી** નગરપાલિકા ૫ પ્રતો બારોબાર મોકલી આપવા વિનંતી સહ

૬. સીલેકટ ફાઈલ

૭. કચેરીના નોટીસ બોર્ડ ઉપર

**નકલ જયભારત સાથે રવાનાઃ (આદેશની નકલ સાથે)**

૧. પ્રદેશ પ્રમુખશ્રી,
ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ, "શ્રી કમલમ્" પ્રેક્ષા વિશ્વ ભારતી સામે, કોબા સર્કલ,
ગાંધીનગર–કોબા રોડ, ગાંધીનગર–૩૮૨૦૦૭

૨. પ્રદેશ પ્રમુખશ્રી,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, "રાજીવ ગાંધી ભવન",
સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬.

૩. પ્રદેશ પ્રમુખશ્રી,
ગુજરાત બહુજન સમાજ પાર્ટી, ગુજરાત પ્રદેશ, ૩ જો માળ, ૩૧ બેરોનેટ કોમ્પ્લેક્ષ,
સાબરમતી પોલીસ સ્ટેશન સામે, સાબરમતી,અમદાવાદ

૪. પ્રદેશ પ્રમુખશ્રી,
રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ, ૧, મંગલમૂર્તિ કોમ્પ્લેક્ષ, સીટી ગોલ્ડ સીનેમાની સામે, આશ્રમ રોડ,
અમદાવાદ–૩૮૦૦૦૯.

૫. સચિવશ્રી,
ભારતીય સામ્યવાદી પક્ષ, ૨૩૪, ઈલોરા કોમર્શિયલ સેન્ટર, બીજો માળ, જી.પી.ઓ. સામે,
સલાપસ રોડ, અમદાવાદ–૩૮૦૦૦૧.

૬. રાજય મંત્રીશ્રી, ગુજરાત પ્રદેશ,
ભારતનો સામ્યવાદી પક્ષ (માર્કસવાદી), ગુજરાત રાજય સમિતિ, રાયખડ ચાર રસ્તા,
પ્રાર્થના સમાજ, અમદાવાદ–૩૮૦૦૦૧

૭. પ્રદેશ પ્રમુખશ્રી, ગુજરાત પ્રદેશ, સમાજવાદી પાર્ટી, ઠે. ૪, સપના કોમ્પ્લેક્ષ,
સ્વામિનારાયણ મંદિર સામે, હરણી રોડ, વડોદરા

૮. પ્રમખશ્રી, જનતાદળ (યુનાઈટેડ), મુ. માલજીપુરા, પો.ધારોલી, તા.ઝગડીયા, જિ.ભરૂચ
પીન–૩૯૩૧૧૦

રાજ્ય ચૂંટણી આયોગ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.[illegible]-૦૮-૨૦૧૭

**ક્રમાંક : રાચઆ-ચટણ-સમક-નપા-પારડી-યુનિટ-૩/૪-૦૮૨૦૧૭**

**પારડી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ :**

---

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ ની પેટા કલમ-૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદારયાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ ની પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમાનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરે છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪ માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા જોગવાઈ કરેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ-૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : **કેવી-૧૯૮-ઓફ ૨૦૧૭-એનપીએલ-૪૫૨૦૧૬/૩૩૦૭-એમ., તા.૧૯-૬-૨૦૧૭** થી (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) **પારડી** શહેરની નગરપાલિકાનો (જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને-૨૦૧૧ ની વસતિ ગણતરીના આંકડા આખરી પ્રસિદ્ધ થયા છે તેના આધારે **પારડી** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની **કુલ-૨૮** બેઠકો નક્કી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૪૯-૧૯૯૪-એનએમપી-૪૫૯૩-૩૬૫૫-એમ, તા.૧૬-૩-૧૯૯૪ અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે (જેનો હવે પછી નિયમો અને સુધારા નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતિ એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસતિથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહિ. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતિના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને–૧૯૪૮ ના સેન્સસ એકટ અન્વયે સને–૨૦૧૧ ના વસતિ ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસતિ ૨૮૪૯૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતિ ૪૦૭૧ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી / કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે ૫ વોર્ડ સિવાયની કોઈપણ વોર્ડની સરેરાશ વસતિના ૧૦% વસતિના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડલાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૨ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ સુધારા નિયમ ૨૦૧૪ ના નિયમ–૩ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડોના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારિત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ક) હેઠળ રાજય ચૂંટણી આયોગે કરેલ તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસતિની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા અને છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને અનુસૂચિત જાતિની સ્ત્રી બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૨. સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત જાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત જાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪૦૩૨ | ૧૭૨ | ૪.૨૭ |
| ૨ | ૪ | ૩૯૪૪ | ૧૬૮ | ૪.૨૬ |
| ૩ | ૧ | ૪૦૩૩ | ૧૪૨ | ૩.૫૨ |
| ૪ | ૩ | ૩૮૧૨ | ૮૪ | ૨.૨૦ |
| ૫ | ૭ | ૩૯૦૫ | ૨૬ | ૦.૬૭ |
| ૬ | ૬ | ૪૨૦૭ | ૨૫ | ૦.૫૯ |
| ૭ | ૫ | ૪૫૬૨ | ૧૫ | ૦.૩૩ |
| | કુલ | ૨૮૪૯૫ | ૬૩૨ | -- |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતિની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતાં શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યામાં ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. પરંતુ અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં.૨ માં નિયમોના નિયમ–૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૨ | અનુસૂચિત જાતિ |

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૮ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૮ બેઠકો પૈકી ૪ બેઠકો અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

સને–૨૦૧૧ ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસતિ તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | અનુસૂચિત આદિજાતિની કુલ વસતિ | વોર્ડની વસતિ સામે અનુસૂચિત આદિજાતિની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૬ | ૪૨૦૭ | ૨૩૦૬ | ૫૪.૮૧ |
| ૨ | ૭ | ૩૯૦૫ | ૧૬૮૪ | ૪૩.૧૨ |
| ૩ | ૧ | ૪૦૩૩ | ૧૧૨૬ | ૨૭.૯૨ |
| ૪ | ૩ | ૩૮૧૨ | ૯૩૬ | ૨૪.૫૫ |
| ૫ | ૫ | ૪૫૬૨ | ૧૦૬૧ | ૨૩.૨૬ |
| ૬ | ૨ | ૪૦૩૨ | ૬૯૭ | ૧૭.૨૯ |
| ૭ | ૪ | ૩૯૪૪ | ૬૭૯ | ૧૭.૨૨ |
| | કુલ | ૨૮૪૯૫ | ૮૪૮૯ | -- |

આમ, અનુસૂચિત આદિજાતિની વસતિની ઊંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં.૬,૭,૧,૩,૫,૨ અને ૪ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસતિને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આવતાં વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૬,૭,૩ અને ૨ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૬,૧,૫ અને ૪ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૬ | અનુસૂચિત આદિજાતિ |
| ૧ | ૬ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૨ | ૭ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૩ | ૧ | અનુસૂચિત આદિજાતિ |
| ૪ | ૩ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૫ | ૫ | અનુસૂચિત આદિજાતિ |
| ૬ | ૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૭ | ૪ | અનુસૂચિત આદિજાતિ |

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬ (ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧–૧૨–૨૦૧૪ ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતિની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસતિની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે અને ૩ બેઠકો પૈકી ૧ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

**પારડી** નગરપાલિકાના સૂચિત વોર્ડોની વસતિ પછાતવર્ગની અંદાજીત વસતિ અને તેની ટકાવારી મુજબ ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતિ | પછાતવર્ગની વસતિ (અંદાજિત) | વોર્ડની વસતિ સામે પછાતવર્ગની વસતિની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૫ | ૪૫૬૨ | ૧૩૬૭ | ૨૯.૯૬ |
| ૨ | ૧ | ૪૦૩૩ | ૧૦૨૪ | ૨૫.૩૯ |
| ૩ | ૩ | ૩૮૧૨ | ૯૦૧ | ૨૩.૬૪ |
| ૪ | ૨ | ૪૦૩૨ | ૯૧૩ | ૨૨.૬૪ |
| ૫ | ૪ | ૩૯૪૪ | ૮૩૪ | ૨૧.૧૫ |
| ૬ | ૭ | ૩૯૦૫ | ૮૧૫ | ૨૦.૮૭ |
| ૭ | ૬ | ૪૨૦૭ | ૫૫૩ | ૧૩.૧૪ |
| | કુલ | ૨૮૪૯૫ | ૬૪૦૭ | -- |

પછાત વર્ગની વસતિની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૫,૧ અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી એકી ક્રમે વોર્ડ નં.૫ અને ૩ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૧ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. તે મુજબ પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

| ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૫ | પછાતવર્ગ |
| ૨ | ૧ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૩ | પછાતવર્ગ |

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બીન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **પારડી** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન **અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.**

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠક ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે **આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદ્દત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.**

રાજય ચૂંટણી આયોગ **પારડી** નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

**રાજય ચૂંટણી આયોગના આદેશથી,**

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

# અનુસૂચિ-૧

## પારડી નગરપાલિકા, જિલ્લો વલસાડ

વોર્ડ નં.૧

| સૂચિત વોર્ડ નંબર | ઇલેક્સન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જે.જા. વસ્તી | ઓ.બી.સી પછાતવર્ગ | કુલ વસ્તી | ઘર નંબરથી | ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | ૮ |
| ૧ | ૧ | ૨૪ | ૬૬ | ૧૬૭ | ૬૮૫ | ૧ | ૧૪૯ | બંદર રોડ, કવોરી રોડ, નવજીવન સોસાયટી. પરમધામ સોસાયટી |
| | ૨ | ૧૮ | ૧૦૪ | ૨૦૩ | ૬૮૧ | ૧ | ૧૭૦ | અતુલ પાર્ક, આદિત્ય એપાર્ટમેન્ટ, શિવમ એપાર્ટમેન્ટ, બીના, મેહુલ |
| | ૩ | ૫ | ૧૦૮ | ૨૦૧ | ૫૧૭ | ૧ | ૧૨૧ | હાઇસ્કુલની પાછળ, બટન ફેક્ટરી પાછળ, મેના એપાર્ટમેન્ટ, ભંડારવાડ |
| | ૪ | ૧૬ | ૨૫૧ | ૧૪૬ | ૬૩૨ | ૧ | ૧૩૫ | નીલકંઠ સોસાયટી, કોલેજ રોડ, વાત્સલ્ય ધામ,અંબાલાલની વાડી,ચાર રસ્તા પૂજા હોલ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ |
| | ૫ | ૬ | ૧૩૧ | ૧૫૧ | ૫૩૭ | ૧ | ૧૨૫ | હાઇસ્કુલની પાછળ, અભિનવ પાર્ક, ખેતીવાડી માર્કેટ, સેન્ટર પોઈન્ટ, સેવન કલર્સ |
| | ૬ | ૭ | ૪૫૭ | ૭૫ | ૬૨૨ | ૧ | ૧૩૮ | પટેલ શો મીલ, નૂતન નગર, હળપતિવાસ,નવજીવન સોસાયટી પાછળ, હળપતિવાસ |
| | ૮ | ૬૬ | ૯ | ૮૧ | ૩૫૯ | ૧ | ૮૦ | ગોવિંદ પાર્ક, મહેતા હોસ્પિટલ, વિપુલ કોમ્પ્લેક્ષ, નૂતન નગર,અભિનવ કોમ્પ્લેક્ષ |
| કુલ | | ૧૪૨ | ૧૧૨૬ | ૧૦૨૪ | ૪૦૩૩ | | | |

**વોર્ડ નં.૧ ની હદનું વર્ણન ::–**

બંદર ફળિયાના વાયવ્ય ખૂણા અને પાર નદીના કિનારેથી શરૂ કરી ઉત્તર તરફ જતાં સર્વે નંબર ૯૮૨, ૯૭૪, ૯૭૧ ની પશ્ચિમ અને પાર નદીની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં સર્વ નં.૯૭૦, ૯૬૯ ની ઉત્તરની અને પારનદીની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જતાં સર્વે નં.૯૬૮ ની ઉત્તર અને વોર્ડ નં.૨ માં આવેલ સર્વે નં.૯૦૪, ૯૬૨ ની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જઈ દક્ષિણ તરફ જતાં પૂર્વની વોર્ડ નં.૨ માં આવેલ સર્વે નંબર ૯૬૫, ૯૫૯, ૧૦૧૦ ની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ મુંબઈ–અમદાવાદ નેશનલ હાઈવે નં.૮ સુધી જઈ દક્ષિણ તરફ જતા ખેતીવાડી માર્કેટની પૂર્વની અને મુંબઈ–અમદાવાદ નેશનલ હાઈવેની પશ્ચિમની હદે હદે બાગની દક્ષિણની હદે હદે વોર્ડ નં.૬ માં આવેલ પ્રાથમિક શાળાની હદે હદે પશ્ચિમ તરફ જતાં વોર્ડ નં.૬ માં આવેલ સર્વે નંબર ૧૧૮૫, ૧૧૫૩ ની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ ઉમરસાડીના સીમાડા સુધી જઈ ઉત્તર તરફ જતા સર્વે નંબર ૧૦૫૧, ૧૦૫૦, ૧૦૪૦ ની પશ્ચિમ અને ઉમરસાડીના સીમાડાની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જઈ પશ્ચિમ તરફ જતાં સર્વે નંબર ૧૦૩૮/૩ ની દક્ષિણે અને ઉમરસાડીના સીમાડા ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ પારનદી સુધી જઈ પારનદીની પૂર્વની હદે હદે અને સુએઝ ડિસ્પોઝલ પ્લાન્ટ સર્વે નંબર ૯૮૮,૮૮૯ ની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ બંદર ફળિયા વાયવ્ય ખૂણા સુધીના અંદરના તમામ વિસ્તાર

# પારડી નગરપાલિકા, જિલ્લો વલસાડ

## વોર્ડ નં.૨

| સૂચિત વોર્ડ નંબર | ઇલેક્સન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા .વસ્તી | ઓ.બી.સી પછાતવર્ગ | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | ૮ |
| ૨ | ૭ | ૪૬ | ૨૭૮ | ૧૨૭ | ૬૨૭ | ૧ | ૧૨૯ | પોલીસ લાઇન પાછળ, પોલીસ લાઇન,સૈયદના ઘરથી ચાર રસ્તા ચર્ચ સિવિલકોર્ટ |
| | ૯ | ૦ | ૧૯ | ૨૬૬ | ૭૧૫ | ૧ | ૧૪૫ | ચંદ્રપુર, ભાગ્યોદય હોટલ, વલ્લભ આશ્રમ, દોલત નગર, વિશ્રામ હોટલ, સનરાઇઝ શર્મા હાઉસ |
| | ૧૦ | ૧૦ | ૨૩૨ | ૧૩૫ | ૮૦૭ | ૧ | ૧૭૩ | પંચરત્ન એપાર્ટમેન્ટ, સ્વાધ્યાય મંડળ રોડ, જલારામ નગર, ગર્લ્સ હોસ્ટેલ વિશ્રામગૃહનો પાછળનો ભાગ |
| | ૧૧ | ૮૧ | ૩૯ | ૮૫ | ૬૪૩ | ૧ | ૧૪૩ | વિશ્રામગૃહ , મારૂતિ સોસાયટી, રેન બસેરા પાછળ,યુનિટી હોલ,ઇલિયાઝ એપાર્ટમેન્ટ,પુરોહિત ચાલ |
| | ૧૨ | ૨૬ | ૧૦૧ | ૧૦૬ | ૬૬૩ | ૧ | ૧૨૪ | વિકટર ફાર્મ, ફિલ્ટર પ્લાન, સદગુરૂ સોસાયટી, સ્વાતિ કોલીની, પ્રજાપતિ એપાર્ટમેન્ટ, ગૌરવ સોસાયટી |
| | ૧૩ | ૯ | ૨૮ | ૧૯૪ | ૫૭૭ | ૧ | ૧૨૫ | કિસાન ટ્રેકટર પાછળ, પારડી હોસ્પિટલ, સરકારી ગોડાઉન, જનતા હોસ્પિટલ, રાતન શોપિંગ સેન્ટર રામચોક,ગુરુદીન મોર્યની દુકાન સુધી |
| કુલ | | ૧૭૨ | ૬૯૭ | ૯૧૩ | ૪૦૩૨ | | | |

**વોર્ડ નં.૨ ની હદનું વર્ણન ::–**

સર્વે નંબર ૯૦૨ ના વાયવ્ય ખૂણા અને પારનદીના કિનારેથી શરૂ કરી ઉત્તર તરફ જતાં સર્વે નંબર ૯૦૧ ની પશ્ચિમની અને પારનદીના પૂર્વની હદે હદે ઉત્તર તરફ અમદાવાદ–મુંબઈ નેશનલ હાઈવે સુધી જઈને ક્રોસ કરી ઉત્તર તરફ મોજે–બાલદાના સીમાડા સુધી જઈ દક્ષિણ તરફ જતા મોજે–બાલદાના સીમાડાની પશ્ચિમની હદે અને સર્વે નંબર ૯૧૮, ૯૩૪, ૮૯૬ ની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં સર્વે નંબર ૮૯૫ આઈ.ટી.આઈ.ની પૂર્વ તરફ અને બાલદાના સીમાડાની પશ્ચિમના હદે હદે દક્ષિણ તરફ સર્વે નંબર ૮૮૬ ની પૂર્વ અને બાલદા ગામના સીમાડા પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં સર્વે નંબર ૮૦૬, ૮૦૦ વ્હોરા સમાજના કબ્રસ્તાનની ઉત્તરની હદે હદે દક્ષિણ તરફ વોર્ડ નં.૩ ના સીમડાની પશ્ચિમ તરફ જતાં અમદાવાદ–મુંબઈ નેશનલ હાઈવે સુધી જઈ ઉત્તર તરફ જતાં વલસાડીઝાંપા મસ્જિદના વાયવ્ય ખૂણા થઈ દક્ષિણ તરફ જતાં સો મીલના પૂર્વની હદે હદે સરકારી ગોડાઉનની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ ટ્રેડ સેન્ટર પૂર્વની હદે હદે અને દક્ષિણ તરફ જતાં ગુરૂદીન દત્તુરામ મૌર્યની દુકાન થઈ પશ્ચિમ તરફ જતાં દેના બેન્કની ઉત્તરની હદ થઈ પશ્ચિમ તરફ જતાં બેન્ક ઓફ બરોડાની પશ્ચિમ તરફ અને પૂજા હોસ્પિટલની વાયવ્ય ખૂણા થઈ કોલેજની પશ્ચિમની હદે હદે વાયવ્ય ખૂણા સુધી જઈ ઉત્તર તરફ જતાં વોર્ડ નં.૧ માં આવેલ સર્વે નંબર ૧૦૨૩, ૧૦૨૫ અને ૯૬૮ પૂર્વની અને સર્વે નંબર ૯૬૭ પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ પારનદી સુધી જઈ ઉત્તર તરફ પારનદીની પૂર્વની અને સર્વે નંબર ૯૦૪, ૯૦૩ પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ સર્વે નંબર ૯૦૨ વાયવ્ય ખૂણા સુધીના અંદરના તમામ વિસ્તાર.

# પારડી નગરપાલિકા, જિલ્લો વલસાડ

## વોર્ડ નં.૩

| સૂચિત વોર્ડ નંબર | ઇલેક્સન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | ઓ.બી.સી પછાતવર્ગ | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | ૮ |
| ૩ | ૧૪ | ૨૨ | ૧૦૪ | ૬૦ | ૬૨૦ | ૧ | ૧૩૪ | વલસાડી ઝાંપા પરમાર ડેકોરેટર્સ, નમુમીયાની ચાલ, કુંભારવાડ, મોટી તાઇવાડ,હરિયાવા કચ્છી સોસાયટી |
| | ૧૫ | ૯ | ૭૩ | ૩૯ | ૬૦૨ | ૧ | ૧૩૨ | સૈયદ સ્ટ્રીટ, લક્ષ્મી કો. ઓ. હા. સોસા., મઝદા કો. ઓ. હા. સોસા., સરકારી ગોડાઉન પાછળ, વલસાડી ઝાંપા,કુંભારવાડ |
| | ૧૬ | ૦ | ૩ | ૧૬૬ | ૫૩૧ | ૧ | ૧૧૩ | બીસ્મીલ્લાહ કોલોની, આયશા મંઝિલ, નવી મસ્જિદ ગૌરવપથ,કુંભારવાડ |
| | ૧૭ | ૫ | ૧૭ | ૧૬૫ | ૩૭૮ | ૧ | ૯૦ | દેના બેન્ક, જનતા સાયકલ સ્ટોર, કલરવ હોસ્પિટલ,કેલિડોનિયા,દેવકા ફળિયા,અભિનવ સાજ કોમ્પ્લેક્ષ |
| | ૧૮ | ૩ | ૩૩ | ૪૨૪ | ૬૪૯ | ૧ | ૧૩૧ | વલસાડી ઝાંપા બસ સ્ટેન્ડ, તાઇવાડ, મંદિર ફળિયા, કુંભારવાડ, મરીમાતાના મંદિર સુધી |
| | ૧૯ | ૪૫ | ૭૦૬ | ૪૭ | ૧૦૩૨ | ૧ | ૧૫૫ | મરી માતાના મંદિર આગળ, હનુમાન ડુંગરી, અક્રમભાઇની ચાલ, કમઠી ફળિયા રોડ |
| કુલ | | ૮૪ | ૯૩૬ | ૯૦૧ | ૩૮૧૨ | | | |

**વોર્ડ નં.૩ ની હદનું વર્ણન ::–**

વલસાડી ઝાંપા મસ્જિદના વાયવ્ય ખૂણા થઈ અને અમદાવાદ–મુંબઈ નેશનલ હાઈવેથી શરૂ કરી ઉત્તર તરફ વલસાડીઝાંપાના ગેટ સુધી જઈ પરમાર ડેકોરેશન, નમુમિયાંની ચાલની ઉત્તરે હદ થઈ પૂર્વ તરફ જતાં હનુમાન ડુંગરીની હદ અને વોર્ડ નં.૨ માં આવેલ સર્વે નંબર ૮૦૦, ૮૦૬ ની દક્ષિણની હદે હદે ઉત્તર તરફ મોજે–બાલદા ગામના સીમાડા સુધી જઈ પૂર્વ તરફ જતાં સર્વે નંબર ૮૦૫ ની ઉત્તરે અને બાલદા ગામના સીમાડા દક્ષિણની હદે હદે મોજે – બાલદા ગામ તરફ જતાં રોડના સીમાડા સુધી સર્વે નંબર ૭૮૩ ઉત્તર પશ્ચિમની હદે થઈ દક્ષિણ તરફ જતાં મોબાઈલ ટાવર દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ જતાં અખ્તર કોમ્પલેક્ષના ઉત્તરના હદે હદે પશ્ચિમ તરફ બસ સ્ટેન્ડ, પુરોહિત ઝેરોક્ષની દક્ષિણ તરફ કચ્છી સોસાયટી, પશ્ચિમ તરફ મુંબઈ–અમદાવાદ નેશનલ હાઈવે સુધી જઈ ઉત્તર તરફ બેન્ક ઓફ બરોડા થઈ પૂર્વ તરફ વોર્ડ નં.૨ માં ગુરૂદીન દત્તુરામ મૌર્યની દુકાનના પૂર્વ થઈ ઉત્તરના હદે હદે સૈયદ સ્ટ્રીટમાં આવેલ કબ્રસ્તાનની પશ્ચિમની હદે થઈ પશ્ચિમ તરફ મુંબઈ–અમદાવાદ નેશનલ હાઈવેની પૂર્વની હદે ઉત્તર તરફ જતાં મસ્જિદના વાયવ્ય ખૂણા સુધીના અંદરના તમામ વિસ્તાર.

# પારડી નગરપાલિકા, જિલ્લો વલસાડ

## વોર્ડ નં.૪

| સૂચિત વોર્ડ નંબર | ઇલેક્સન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | ઓ.બી.સી પછાતવર્ગ | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | ૮ |
| ૪ | ૨૦ | ૧૧ | ૨૦૧ | ૧૪૦ | ૬૮૫ | ૧ | ૧૫૮ | જોષીની વાડી, કમઠી ફળિયા,અવધૂત નગર,જલારામ નગર સુધી |
| | ૨૧ | ૧૦૮ | ૨૬૦ | ૭૪ | ૭૭૧ | ૧ | ૧૫૬ | રતિલાલ પંડ્યાના ઘરથી દીપકવાડી, ભાસ્કરદ્યુતિ, હરિજનવાસ, શબાના મેન્શન |
| | ૨૨ | ૦ | ૪૩ | ૧૦૨ | ૪૫૨ | ૧ | ૯૮ | શબાના મેન્શન, દાંતી ફળિયા, બિલ્યા વિસ્તાર,પાવતે |
| | ૨૩ | ૦ | ૦ | ૯૪ | ૪૫૪ | ૧ | ૯૩ | બિલીયા, અક્રમભાઇની ચાલ, સર્વોદય સોસાયટી, શાહબુદ્દીનનો વાડો, કાલી મીનુભાઇ પારડીવાલાના ઘર સુધી |
| | ૨૪ | ૫ | ૩૨ | ૧૮૮ | ૫૭૦ | ૧ | ૧૩૧ | નમીરા કોમ્પલેક્ષ, મોદી સ્ટ્રીટ, ચીવલ રોડ, અખ્તર કોમ્પ્લેક્ષ |
| | ૨૫ | ૨ | ૧૩ | ૧૪૩ | ૪૮૪ | ૧ | ૧૧૩ | મોઝ કોમ્પ્લેક્ષ, લાઇબ્રેરી, પારસીવાડ, રાણા સ્ટ્રીટ, વાણીયાવાડ, ગૌરી એપાર્ટમેન્ટ, ભીલાડવાલા બેન્ક આશા સ્ટોરની ગલી |
| | ૨૬ | ૪૨ | ૧૩૦ | ૯૩ | ૫૨૮ | ૧ | ૧૧૪ | સ્વસ્તીક પ્લાઝા, વિમલા એપાર્ટમેન્ટ , રાજ એપાર્ટમેન્ટ, શ્રોફ સ્ટ્રીટ,માનો રમ્ય માજી મોહલ્લો,વૈજનાથ મંદિર શાકભાજી માર્કેટ સુધી |
| કુલ | | ૧૬૮ | ૬૭૯ | ૮૩૪ | ૩૯૪૪ | | | |

**વોર્ડ નં.૪ ની હદનું વર્ણન ::–**

ભાસ્કરદ્યુતિ સ્કુલના વાયવ્ય ખૂણાથી અવધૂતનગરના પૂર્વની હદે બાલદા તરફ જતાં રોડ સુધી પૂર્વ તરફ જતાં સર્વે નંબર ૭૮૫, ૭૮૩ ની ઉત્તર પૂર્વની હદે થઈ બાલદા ગામના સીમાડાના હદે થઈ દક્ષિણ તરફ જતાં સર્વે નંબર ૭૮૦ ની દક્ષિણ તરફ જતાં સર્વે નંબર ૭૪૬ ની ઉત્તરથી પશ્ચિમ તરફની હદ થઈ દક્ષિણ તરફ ગામ તળાવની હદે હદે થઈ ગામ તળાવની પૂર્વની વોર્ડ નં.૫ માં આવેલ ૭૪૭, ૭૪૯, ૭૫૪, ની ઉત્તરની હદે હદે દક્ષિણ તરફ જતાં શાકભાજી માર્કેટની દક્ષિણ તરફની હદે હદે વૈજનાથ મહાદેવના મંદિરના પશ્ચિમની હદે હદે રાજ એપાર્ટમેન્ટ દક્ષિણની હદે હદે થઈ જૈન દેરાસરની પૂર્વની હદે દક્ષિણ તરફ શામળાજીના મંદિરની પૂર્વની હદે હદે અગ્નિ ખૂણા થઈ પશ્ચિમ તરફ બહુચર માતાજીના મંદિરની ઉત્તરની હદે હદે પ્રાથમિક કન્યા શાળા–૨ ની દક્ષિણની હદે હદે બ્રાસ ફેક્ટરીના ઉત્તરની હદે હદે થઈ બાલમંદિર પાછળની હદે થઈ પશ્ચિમની હદે હદે થઈ નેશનલ હાઈવેની હદે હદે ઉત્તર પેટ્રોલ પંપની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતા નવા બસ સ્ટેન્ડ (ડેપો) ની પશ્ચિમની હદના અગ્નિ ખૂણાના રતનવાડી, અરિહંત વિલા, અરિહંત એપાર્ટમેન્ટના વાયવ્ય ખૂણા થઈ ગૌરી એપાર્ટમેન્ટની પશ્ચિમની હદે હદે રાણા પંચની વાડીની હદે હદે ઉત્તર તરફ જતા નાદિરશા પારડીવાલાના મકાનની પશ્ચિમની હદે થઈ ઉત્તર તરફ પુરોહિત ઝેરોક્ષના પશ્ચિમની હદે હદે લક્ષ્મી નોવેલ્ટી સ્ટોર્સના પશ્ચિમના ખૂણા થઈ પૂર્વ તરફ અંબિકા જનરલ સ્ટોર્સની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ અખ્તર કોમ્પલેક્ષના ઉત્તરની હદે હદે થઈ પૂર્વ તરફ શ્રી કૃષ્ણ મશીનરી એન્ડ હાર્ડવેર સ્ટોર્સની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ હરિજનવાસની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ ભાસ્કરદ્યુતિ સ્કુલના વાયવ્ય ખૂણાના અંદરના તમામ વિસ્તાર.

# પારડી નગરપાલિકા, જિલ્લો વલસાડ

## વોર્ડ નં.૫

| સૂચિત વોર્ડ નંબર | ઇલેક્સન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | ઓ.બી.સી પછાતવર્ગ | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | ૮ |
| ૫ | ૨૭ | ૦ | ૧૦ | ૧૭૪ | ૫૪૭ | ૧ | ૧૩૧ | સ્ટેટ બેન્કની ગલી, રતનવાડી, હરી કૃષ્ણ, બાળ મંદિર પાછળ |
| | ૨૮ | ૫ | ૮૪ | ૯૦ | ૪૭૮ | ૧ | ૧૧૩ | શ્રીનાથ સિનેમા,ઈશ્વરભાઈ કંસારા મામલતદાર કચેરી, બ્રાસ ફેક્ટરી, આશીયાના એપાર્ટમેન્ટ, બ્રાહ્મણ ફળિયા પાછળનો વિસ્તાર, પટેલ પંચની વાડી, |
| | ૨૯ | ૦ | ૧૩૪ | ૬૩ | ૫૫૮ | ૧ | ૧૨૨ | કંસારવાડ મેઇન રોડ,મહાલક્ષ્મી માતાના મંદિર સુધી, એકલીંગી મહાદેવ મંદિરથી પાછળનો વિસ્તાર, નગરપાલિકા અને પોસ્ટ ઓફિસ સુધી |
| | ૩૦ | ૫ | ૩૫ | ૮૨ | ૫૭૫ | ૧ | ૧૩૫ | બ્રાહ્મણ ફળિયા, ધીરૂભાઇ સત્સંગ હોલ, વર્ધમાન ટ્રેડર્સ, સંઘાડીયા રાઇસ મીલ, સુલતાના ફળિયા, |
| | ૪૨ | ૦ | ૧૬૩ | ૧૨૧ | ૫૨૦ | ૧ | ૧૦૯ | એકલીંગ મહાદેવ મંદિર સામે દમણીઝાંપા રણજીતભાઇ ચંપકભાઇની દુકાનથી પ્રભાતભાઇ પંડયાના ઘર થઇ કહારવાડ લલ્લુભાઇ વિઠ્ઠલભાઇ ભગતથી મોહનલાલ નારણદાસ લાકડાવાળાના ઘર સુધી |
| | ૪૩ | ૦ | ૮૦ | ૩૫૮ | ૬૭૩ | ૧ | ૧૪૮ | દમણીઝાંપા અજીતભાઇ તમાકુવાળાના ઘરથી સામે ભારતડેરીથી દલીચંદ છગનભાઇની સામે ભગવતી માતાના મંદિર સુમન ચણાવાળાની દુકાન,રતન રાઈસ મીલ, ખલીફા સ્ટ્રીટ |
| | ૪૪ | ૩ | ૩૫ | ૪૬૯ | ૬૨૮ | ૧ | ૧૪૫ | દમણીઝાંપા પાણી પરબથી સરકારી હોસ્પિટલથી મોહન દયાળ હોસ્પિટલની બાજુમાં માજી ન. પા. પ્રમુખ કાંતીભાઇ જે. પટેલની પાછળ નલીનભાઇ સંઘાડીયાના કારખાના પાસેથી કહારવાડ, જલારામ મંદિર સુધી, ઠાકોરભાઇ વકીલના ઘરથી સર્વિસ સ્ટેશન સુધી |
| | ૪૭ | ૨ | ૫૨૦ | ૧૦ | ૫૮૩ | ૧ | ૧૩૬ | નાની મસાણીથી મોટી મસાણી દીપકવાડી સુધી |
| કુલ | | ૧૫ | ૧૦૬૧ | ૧૩૬૭ | ૪૫૬૨ | | | |

### વોર્ડ નં.૫ ની હદનું વર્ણન ::–

સર્વે નંબર ૭૪૭ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ જતાં સર્વે નંબર ૭૪૬ ઈશાન ખૂણા થઈ અને વોર્ડ નં.૪ ના સર્વે નંબર ૭૮૦ ની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ સુખલાવ ગામના સીમાડા સુધી જઈ પૂર્વ તરફ જતાં સર્વે નંબર ૭૪૪, ૭૪૩, ૭૩૪ ની પૂર્વની સુખલાવ ગામના સીમાડાથી દક્ષિણના હદે હદે પૂર્વ તરફ જતા સર્વે નંબર ૭૩૩, ૭૩૨ ની પૂર્વ મોજે –સુખલાવ ગામના સીમડાની હદ સુધી પશ્ચિમની હદે હદે સર્વે નંબર ૬૪૬ ની દક્ષિણની પશ્ચિમ તરફ સર્વે નંબર ૬૮૮ દક્ષિણની હદે હદે સર્વે નંબર ૬૦૫ ની દક્ષિણની હદે હદે મસાણીયા તળાવના દક્ષિણની હદે હદે અલ્લારખુ મોમીનના ઘર થઈ પૂર્વથી દક્ષિણની હદે હદે રતન રાઈસ મિલની પૂર્વની હદે જલારામ મંદિરની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં સાંઈ દર્શન હોલના ઉત્તરના હદે હદે મુંબઈ–અમદાવાદ નેશનલ હાઈવે થઈ ઉત્તર તરફ મોહન દયાળ હોસ્પિટલની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જૂની મામલતદાર કચેરીની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ શ્રીનાથ સિનેમાના પૂર્વની હદે હદે થઈ જતા ઈશ્વરભાઈ કંસારાના ઘર થઈ ઉત્તરની હદે હદે પૂર્વ તરફ બ્રાસ ફેકટરીની ઉત્તરની હદે હદે ઈશાન ખૂણાની આશીયાના એપાર્ટમેન્ટના ઉત્તરની પૂર્વ તરફની હદે હદે બહુચર માતાજીના મંદિર, રાણા ગણપતિ આર્ટની પશ્ચિમની હદે હદે થઈ અગ્નિ ખૂણા તરફ જતાં પોસ્ટ ઓફિસની દક્ષિણની હદે થઈ વૈજનાથ મહાદેવ મંદિરના દક્ષિણના હદે હદે ઉત્તર તરફ વોર્ડ નં.૪માં આવેલ શાકભાજી માર્કેટના દક્ષિણની હદે હદે થઈ પૂર્વ તરફ સર્વે નંબર ૭૪૭ ના વાયવ્ય ખૂણાના અંદરના તમામ વિસ્તાર.

# પારડી નગરપાલિકા, જિલ્લો વલસાડ

## વોર્ડ નં.૬

| સૂચિત વોર્ડ નંબર | ઇલેક્સન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | ઓ.બી.સી પછાતવર્ગ | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | ૮ |
| ૬ | ૩૧ | ૪ | ૬૦ | ૮૬ | ૪૮૪ | ૧ | ૧૨૧ | ને. હા. નં.૮ કન્યા શાળાની બાજુમાં, બ્રહ્મા કુમારી આશ્રમથી સુલભ નગર, સૌરાષ્ટ્ર દર્શન, રોયલ પાર્ક આજુબાજુનો વિસ્તાર |
| | ૩૨ | ૦ | ૪૪ | ૧૧૫ | ૫૩૩ | ૧ | ૧૨૯ | વિપુલ કોમ્પલેક્ષ, પ્રિન્સેસ પાર્ક, આસ્થા રો હાઉસ |
| | ૩૩ | ૧૨ | ૫૯ | ૨૨ | ૬૪૩ | ૧ | ૧૬૦ | સોનાદર્શન એ, બી, સી, ડી, તથા બાજુનો વિસ્તાર |
| | ૩૮ | ૯ | ૫૯૦ | ૪૨ | ૬૮૨ | ૧ | ૧૪૯ | કેરોસીન ડેપોથી ચાંદરણીવેરી |
| | ૩૯ | ૦ | ૫૦૧ | ૭૪ | ૫૮૦ | ૧ | ૧૨૫ | ચાંદરણીવેરી સ્વાધ્યાય પ્રાર્થના મંદિરથી ચંદુભાઇ પરાગભાઇના ઘર સુધી,વડ ફળિયુ,રેલ્વે ફળિયું |
| | ૪૦ | ૦ | ૪૫૩ | ૨૧૪ | ૬૮૫ | ૧ | ૧૩૫ | નંદીબેન ગજુભાઇના ઘરથી,સ્કૂલ ફળિયું,આહિર ફળિયું,મંદિર ફળિયુ |
| | ૪૧ | ૦ | ૫૯૯ | ૦ | ૬૦૦ | ૧ | ૧૨૫ | ન.પા. માજી પ્રમુખ છીબુભાઇ છોટુભાઇના ઘરથી ઇશ્વરભાઇ બાબુભાઇની વાડી સુધી,નવા ફળિયા,સુથાર ફળિયા,તાડ ફળિયા |
| કુલ | | ૨૫ | ૨૩૦૬ | ૫૫૩ | ૪૨૦૭ | | | |

**વોર્ડ નં.૬ ની હદનું વર્ણન ::–**

સર્વે નંબર ૧૧૨૯ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ જતાં સર્વે નંબર ૧૧૨૪ ના પશ્ચિમની ઉમરસાડી ગામના સીમાડાની પૂર્વની હદે હદેઉત્તર તરફના સર્વે નંબર ૧૧૨૩ ના વાયવ્ય ખૂણા સુધી જઈ પૂર્વ તરફ વોર્ડ નં.૧ માં આવેલ સર્વે નં.૧૧૪૯, ૧૧૪૭, ૧૧૫૫ ની દક્ષિણની હદે હદે વોર્ડ નં.૧ ના હરિજનવાસ, પટેલ સો મીલ દક્ષિણની હદે હદે અમદાવાદ–મુંબઈ નેશનલ હાઈવે તરફ જતાં કુમાર શાળા, કન્યા શાળા, ગીતા પાર્કની પૂર્વની અને અમદાવાદ–મુંબઈના પશ્ચિમના હદે હદે દક્ષિણ તરફ ફીનાઈલ ફેકટરી પૂર્વની હદે થઈ દક્ષિણ તરફ જતા ભીડભંજન મંદિર સર્વે નંબર ૩૦૬ ની પૂર્વની અને વોર્ડ નં.૭ માં આવેલ કેરોસીન ડેપોની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ સર્વે નંબર ૨૯૬ થી દક્ષિણની હદે હદે સર્વે નંબર ૨૯૧ ની દક્ષિણની હદે થઈ ઉત્તર તરફ સર્વે નંબર ૩૨૦ ની પૂર્વની હદે હદે થઈ ગજાનંદ કોમ્પલેક્ષના હદે હદે થઈ પશ્ચિમની તરફ થઈ પૂર્વ તરફના વોર્ડ નં.૭માં આવેલ નવી મામલતદાર કચેરીની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ સર્વે નંબર ૪૫૩ ના દક્ષિણ તરફ ૪૭૪, ૪૭૫ દક્ષિણની હદે હદે મોજે –ઉમરસાડીના સીમાડાના વાયવ્ય ખૂણાના હદે હદે સર્વે નંબર ૪૦૧ દક્ષિણની હદે થઈ વાયવ્ય તરફ સર્વે નંબર ૩૯૭, ૩૯૬ દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ સર્વે નંબર ૩૮૧, ૩૭૪ ની દક્ષિણ પશ્ચિમ તરફ સર્વે નંબર ૨૦૭ ની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ સર્વે નંબર ૨૦૬ પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ સર્વે નંબર ૧૯૮ દક્ષિણની હદે હદે વાયવ્ય તરફ સર્વે નંબર ૧૯૭ પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ સર્વે નંબર૧૯૫ ની ઉત્તરની હદે હદે સર્વે નંબર ૧૯૪, ૧૯૩, ૧૮૦ ઉત્તરની હદે હદે સર્વે નંબર ૧૧૨૯ ના વાયવ્ય ખૂણાના અંદરના તમામ વિસ્તાર.

# પારડી નગરપાલિકા, જિલ્લો વલસાડ

## વોર્ડ નં.૭

| સૂચિત વોર્ડ નંબર | ઇલેક્સન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | ઓ.બી.સી પછાતવર્ગ | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | | ૮ |
| ૭ | ૩૪ | ૧૫ | ૪૩૦ | ૧૦૯ | ૭૪૪ | ૧ | ૧૬૫ | રશ્મી સોસાયટી, દમણીઝાંપા, પોણીયા રોડ, શ્રીનાથ એપાર્ટમેન્ટ, કેરોસીન ડેપો ડુંગરી ફળિયા |
| | ૩૫ | ૭ | ૧૯૬ | ૯૫ | ૪૯૯ | ૧ | ૧૧૫ | શ્રીનાથ હોટલ, ગજાનંદ કોમ્પ્લેક્ષ, ડુંગરી ફળિયા, પંચનાથ મહાદેવ મંદિર, રોહિત કોલોની, એક્ષલ ફેકટરી, એસ્સાર પેટ્રોલ પંપ,જોગ મોરડી,ડુંગરી ફળિયા જૂનો રસ્તો |
| | ૩૬ | ૪ | ૨૭૭ | ૨૦ | ૫૭૩ | ૧ | ૧૪૯ | હોટલ વિરામથી પરીયારોડ, ભેંસલાપાડા, કેમીકલ ફેકટરી સુધી |
| | ૩૭ | ૦ | ૩૧૨ | ૩૦ | ૬૪૩ | ૧ | ૧૩૧ | પરીયા રોડ ભેંસલાપાડા, નવી નગરી, સાંઇ દર્શન હોલ |
| | ૪૫ | ૦ | ૧૫૪ | ૩૦૦ | ૬૦૪ | ૧ | ૧૩૪ | નરોત્તમ ભગતના ઘરથી સુખલાવ રોડ ભગુભાઇ મીસ્ત્રીના ઘર સુધી |
| | ૪૬ | ૦ | ૨૦૫ | ૬૪ | ૫૨૩ | ૧ | ૧૨૪ | અશોકભાઇ કોન્ટ્રાકટરના ઘરથી મહેશભાઇની દુકાન સુધીનો વિસ્તાર, કોથરવાડી વડ સુધી |
| | ૪૮ | ૦ | ૧૧૦ | ૧૯૭ | ૩૧૯ | ૧ | ૬૮ | કોળીવાડ-કોથરવાડી વિસ્તાર, સુખલાવ રોડ, વેલપરવા રોડ |
| કુલ | | ૨૬ | ૧૬૮૪ | ૮૧૫ | ૩૯૦૫ | | | |

**વોર્ડ નં.૭ ની હદનુ વર્ણન ::–**

સર્વે નંબર ૫૪૭ ના વાયવ્ય ખૂણા થઈ ઉત્તર તરફ જતા સર્વે નંબર ૬૨૬ ની દક્ષિણની હદે અને વોર્ડ નં.૫ માં આવેલ ખલીફા સ્ટ્રીટના દક્ષિણના હદે હદે ઉત્તર તરફ સર્વે નંબર ૬૨૮ ઉત્તરની હદે પૂર્વ તરફ સર્વે નંબર ૬૩૪ પૂર્વની હદે હદે સર્વે નંબર ૬૩૭ ની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ સર્વે નંબર ૭૩૧ પૂર્વની હદે હદે વેલપરવા ગામના સીમાડાની હદે હદે દક્ષિણની હદે હદે સર્વે નંબર ૬૮૧, ૬૭૮, ૬૭૧, ૬૫૭ ની હદે હદે દક્ષિણના સર્વે નંબર ૫૧૨, ૫૧૧, ૫૦૮ ની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ સર્વે નંબર ૫૦૭ ની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ સર્વે નંબર ૫૦૬ ની હદે હદે દક્ષિણ તરફ સર્વે નંબર ૫૦૧ પૂર્વના હદે હદે દક્ષિણ તરફ સર્વે નંબર ૪૮૯, ૪૮૭, ૪૮૬ ની હદે હદે દક્ષિણ તરફ સર્વે નંબર ૪૭૭, ૪૭૬ દક્ષિણની હદે હદે ઉત્તર તરફ સર્વે નંબર ૪૮૦ દક્ષિણની હદે હદે પૂર્વ તરફ સર્વે નંબર ૪૪૦ ની પશ્ચિમની હદે હદે ગજાનંદ કોમ્પલેક્ષના પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ સર્વે નંબર ૪૫૩ ની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ સર્વે નંબર ૪૨૬, ૪૨૧ ની દક્ષિણની હદે હદે સર્વે નંબર ૩૩૧ દક્ષિણની હદે ઉત્તર તરફ સર્વે નંબર ૩૨૯ ની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ સર્વે નંબર ૩૧૧ અગ્નિ ખૂણાના હદે હદે સર્વે નંબર ૩૪૦ ની ઉત્તરે સર્વે નંબર ૫૪૭ ના વાયવ્ય ખૂણાના અંદરનો તમામ વિસ્તાર.

**( મહેશ જોશી )**
**સચિવ**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

## અનુસૂચિ–૨

# રાજ્ય ચૂંટણી આયોગ
# ગુજરાત રાજ્ય
# ગાંધીનગર

| | | |
|---|---|---|
| **પારડી** નગરપાલિકાની સને–૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ | ૨૮૪૯૫ | |
| કુલ વોર્ડની સંખ્યા | ૭ | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતિ | ૪૦૭૧ | સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ: ૪૪૭૮<br>સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૬૬૪ |
| બેઠકોની સંખ્યા | ૨૮ | |
| કુલ સ્ત્રી બેઠકો | ૧૪ | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧ | તે પૈકી – સ્ત્રી બેઠક |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૮ | તે પૈકી ૪ સ્ત્રી બેઠક |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | તે પૈકી ૧ સ્ત્રી બેઠક |
| કુલ અનામત બેઠકો | ૨૧ | |
| સામાન્ય બેઠકો | ૭ | |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૪૦૩૩ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૨ | ૨ | ૪૦૩૨ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૩ | ૩ | ૩૮૧૨ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૪ | ૪ | ૩૯૪૪ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૫ | ૫ | ૪૫૬૨ | સામાન્ય | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | પછાતવર્ગ |
| ૬ | ૬ | ૪૨૦૭ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૭ | ૭ | ૩૯૦૫ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| | કુલ | ૨૮૪૯૫ | | | | |

( મહેશ જોશી )
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર